શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૩ • તા. ૨૮ ફેબ્રુઆરી થી ૬ માર્ચ ૨૦૨૬


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાની વિશિષ્ટતા અરજદારોને તાત્કાલિક સહાય મળી જાય છે

KDO SANJIVANI




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
HAPPY
HOLI
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

**http://www.kdosm.org**

**Email :**

**gyatimaiya2018@gmail.com**

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.



# આદર્શવાદી કરતાં વ્યવહારૂ બનવું સારું

જિંદગીના વ્યવહારનો આ એક સરળ નિયમ છે કે જે સીધા સરળ અને સાદી પ્રકૃતિના હોય તેને કાપવા, તેને કદ મુજબ વેતરી નાખવા સૌ તત્પર હોય છે. આ દુનિયા સાવ સરળ અને સીધા એવા જણની જિંદગી બહુ સરળ અને સીધી રહેવા દેતી નથી. જંગલના વૃક્ષોને કાપતા કઠિયારો વાંકા ચૂંકા, આડા અવળા વૃક્ષોને હાથ નથી લગાડતો પણ સીધા, અડગ ઊભા અને અડીખમ રહેતા ઝાડને વીણી વીણીને કાપે છે. આડો અવળો આકાર ધરાવતા ઝાડને કાપવાનું કઠિયારો પણ વિચારતો નથી. જંગલનો આ કાનૂન કે ધારો છૂપી રીતે અહીં પણ જાણે લાગુ પડે છે. જે વૃક્ષ વાંકા, કાંટાવાળા, ગાંઠવાળા અને આડા અવળા ફેલાયલા હોય એ કુહાડીના મારથી બચી જાય છે.

એટલે સરળ હોવું, સાચા અને સીધા સપાટ હોવું જાણે આ સમયનો મોટો ગુનો છે. વધુ પડતાં સીધા સરળ માણસની હાલત આજે લોકો કપરી કરી નાંખે છે. એટલે સ્વભાવથી અળવીતરા બોલચાલથી કટુવાણી ધરાવતા અને સામૂહિક કાર્યમાં અસહકાર્ય કરનારાઓ જાણે ઝાડી ઝાંખરા પોતાની આસપાસ ઊભા કરી દે છે જેને લીધે કોઈ અડી શકતું નથી કે તેનાથી સૌ દૂર રહે છે. સરળ વ્યક્તિ જરા ઓછા સરળ બને, થોડા વ્યવહારું બને અને પોતાના ચશ્માથી નહી અન્યના ચશ્માથી જગતના વ્યવહાર દર્શનને નિહાળે, થોડા ગણતરીબાજ બને. કારણ કે જગતમાં રહેવું છે તો થોડુંક તેના જેવું બનવું જોઈએ. સ્વનું અસ્તિત્વ જાળવવા માટે દુનિયાની પ્રચલિત રીત અપનાવી પડે, ઉપયોગ થતા કાવાદાવાને સમજવા જોઈએ. આપણી સામે થતા કારસાને સમજવાને શીખવા પડે. દરેક લડાઈ કંઈ કશું મેળવવા માટેની નથી હોતી. એ કોકના અસ્તિત્વને બચાવવા માટેની હોય છે. ટકી રહેવા ખમીર સાથે મરુ કાં મારુ ની ધ્યેયથી લડાઈ લડવી પડે છે.

જગતમાં ઉપયોગી થનાર સીધા હોય છે. સાચું કહીએ તો જે સરળ હોય છે તેનો લોકો ઉપયોગ કરી લે છે. પણ સરળ સ્વભાવના વ્યક્તિને આની જાણ પણ થતી નથી કે તેનો ઉપયોગ લોકો કરી રહ્યાં છે. આ અજાણતા તેમના સ્વભાવની, સરળતાની છે. જે માનવીઓ અકોણા, અળવીતરા હોય જે પોતાને પણ કામમાં નથી આવતા તે પારકાને શું ઉપયોગી થવાના? જીવનનું આદર્શ વ્યવહારું થવામાં છે. જેઓ પોતાના આદર્શને ત્યજી દેતા નથી, ખોટા ખરાબ કામ કરતાં નથી, અન્ય ને દુઃખ દર્દ આપવા માટે તેમનું જિગર ચાલતું નથી. તેઓ પોતાની જગા આપોઆપ મેળવી લે છે અથવા તો ભીડ પોતાની રીતે તેમને રસ્તો આપી દે છે. કારણ કે અન્યથી નોખા પડનારા લોકો અનોખા રહેવાના જ.

બહુધા લોકો ભૌતિકવાદી હોય ત્યારે એમાં પોતાનું સ્થાન બનાવવા, અડગતાથી ઊભા રહેવા માટે તકલીફ પડવાની પણ જેમ કાદવમાં કમળ પોતાની જગ્યા બનાવી જ લે છે તે છતાં કાદવની ગંદકીથી લિપ્ત થતું નથી. આવા આદર્શવાદી વ્યક્તિઓ ખોટા કામ કરતાં નથી. ખોટી રીત આચરણ કરતાં નથી તે છતાં પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે. પોતાની અલગ ઓળખ, અલગ પ્રતિભા બતાવી શકે છે. જીવન આદર્શો પ્રમાણે જીવવાં કરતાં વ્યવહારુ થઈને જીવવું વધુ સારું છે. આદર્શોને માપદંડ તરીકે અપનાવવું માર્ગ તરીકે નહીં. તો જ એ વ્યવહારુ રસ્તો આપણા માટે થઈ શકે.

– જય જ્ઞાતિમૈયા

# ચરિત્ર : વ્યક્તિનો અરીસો

વ્યક્તિના ચારિત્ર્યનું માપ એ કેવું અને કેટલું બોલે છે એના પરથી જ નીકળતું હોય છે. મૂંગા માણસને માપવું અઘરું હોય છે. માણસ જેવું બોલવાનું શરૂ કરે એટલે તરત જ તેની વાત તેના વિચારનું ઊંડાણ અથવા તો છીછરાપણાનો તાગ મળી જાય છે. માણસ વાતચીતમાં કેવા શબ્દોનો પ્રયોગ કરે છે તેના પરથી તેની સમજણ, તેનું સૌજન્ય પણું અને એની દાનત છતાં થઈ જાય છે. સરળ અને સહજ માણસની વાણી વિચારધારા સાત્વિક હશે. ખંધા, ખડુસ અને લુચ્ચા બદમાશ પ્રકૃત્તિનો માણસ તેની આંખોની નજરથી અને શબ્દોથી વર્તાઈ જાય છે.

કેટલીક વ્યક્તિઓ સાલસ, સરળ પ્રકૃતિની હોય છે. તેમની વાણીની સાથે વિચારધારા પણ સલીલ પ્રવાહ ધરાવતી સરિતા જેવી હોવાની જ્યારે અળવિતરા અને અનાડી પ્રકૃત્તિના માણસોની જીભ કરવત જેવી ધારદાર હોય છે. જેનાથી અનેકને ઉઝરડા પડે બેફામ બોલથી ઘણા જણ ઘવાય છે. એને લીધે સંબંધ પણ બગડે છે. દોસ્ત દુશ્મન બની બેસે છે. પણ એવી વ્યક્તિઓ તોય સુધરતી નથી. કેટલાંક એવા મુલાયમ પ્રકૃત્તિના હોય છે કે તેમની વાણી સંભાળીએ તો શાતા વળે સતત સાંભળતા રહીએ. એવી શીતળતા મળે. તેમની વાતમાં કટુતા નહીં હોય. સાચી વાત કહે તો પણ સાલસતાથી શબ્દોને તમે અતરમાં બોળીને બોલો છો કે એસિડમાં ઝબોળીને આનો આધાર તમારા સ્વભાવ, તમારી પ્રકૃતિ પર આધારિત છે.

ભક્તિ કરતાં, પ્રાર્થના કરતી વખતે આપણે અન્ય પર રાડો પાડી, ક્રોધ કરતાં નથી. એવું મુખેથી વાણી પ્રગટ કરતાં કરવું જોઈએ. વાચા એ પણ એક પ્રકારની આરાધના છે. જે જીભ પર હોય એ જ દિલમાં હોવું જોઈએ. પણ આજે માણસ આ વ્યવહારિકતા જાળવી શકતો નથી. તે ડબલ સ્ટાન્ડર્ડ રાખવા લાગ્યો છે. એ વિચારે છે કંઈક ને બોલે છે કંઈક. ઘણી વખત કોઈની સમક્ષ મીઠું મીઠું બોલતા હોઈએ છીએ ત્યારે અંદરખાને એ ધમસાણ ચાલતું હોય છે કે મારો સમય આવવા દે પછી તારી ખેર નથી. હું કોણ છું એ બતાવી ન દઉં તો મને કહે જે. પણ સાચો માણસ જેવું વિચારે છે તેવું બોલે છે. કોઈ કપટ નહીં, કોઈ દાવ પેચ નહીં. તેની ભાવના સરળ હોય છે. થોડો સમય તેનો સંગ કરો ત્યારે જાણ થઈ જાય કે કેવો નિખાલસ, નિષ્કપટી વ્યક્તિ છે. મુખવટો પહેરનાર વ્યક્તિનો મહોરો વહેલો કે મોડો ઊતરી જાય છે. કોઈને તમે એકવાર છેતરી શકો છે પણ વારંવાર છેતરી શકતા નથી.

સંવાદની સફળતા કે નિષ્ફળતાનો મોટો આધાર બોલવાના ટોન પર રહેતો હોય છે. ઘણા લોકોની વાત સાચી હોય છે. પણ તેમની વાત કરવાની રીત ખોટી હોય છે. કેટલાંક તો લોકો અનુકુળતા મુજબ પોતાનો ટોન ઉપર નીચે કરતાં હોય છે. અને સંબંધ બગડે નહીં એની તકેદારી પણ રાખતા હોય છે. સતત ઊંચો અવાજ કરનાર વ્યક્તિ હકીકતમાં ખોટી હોય છે એવું સાબિત થાય છે. કારણ કે જે સાચો હોય છે તેને ઘાંટા પાડવાની જરૂર નથી હોતી. સત્ય સાથે સભ્યતા ન ધરાવીએ તો સત્યને સાબિત કરવું અઘરૂ થઈ પડે છે. જે ખોટું કર્યું નથી એને ડરવાની કે ચિંતા કરવાની જરૂર પડતી નથી. સારા અને સરળ વ્યક્તિ સમય મુજબ બદલાતા નથી. સમય સારો હોય કે ખરાબ તેમનો વ્યવહાર, સ્વભાવ કે ચરિત્ર બદલાતો નથી.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# મેડિકલ સમિતિની સંજીવની યોજનાની વિશિષ્ટતા અરજદારોને તાત્કાલિક સહાય મળી જાય છે

આહાર અને આરોગ્ય નાના અને નબળા પરિવારો માટે કપરા સંજોગો સર્જે છે. વધતી જતી મોંઘવારીને લીધે ખાદ્ય વસ્તુઓ, આહારના ભાવ આસમાનને આંબે છે. તો વધતી ઉંમરને કારણે વિવિધ રોગો ઉપરાંત અણધારી આફતની જેમ ત્રાટકતા રોગો અને તે માટે કરાતા ઈલાજ, સારવાર અને ઓપરેશન સામાન્ય સ્થિતિના લોકોની માટે પહોંચ બહારના થઈ ગયા છે. સારી, સુઘડ અને મોર્ડન ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલો, અનુભવી ડોક્ટરોનો યોગ્ય માર્ગદર્શન જો મળે તો મનમાં રાહત રહે કે હવે સાચી સારવાર મળશે અને જલ્દી સ્વસ્થ થઈ પૂર્વવત કામકાજ વ્યવહાર જોડાઈ જવાશે.

ઓંચિતી આવતી બિમારીને લીધે પરિવારમાં સૌ ચિંતીત થઈ જાય છે. આવી વિકટ પરિસ્થિતિમાંથી જ્ઞાતિજનોને ઉગારવા શ્રી સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ મેડિકલ સંજીવની સમિતિ દ્વારા રકમ જ્ઞાતિજનોને શ્રેષ્ઠ સારવાર કરવા ચપટી વગાડવા જેટલા સમય દરમ્યાન અપાય છે.

સ્પેશ્યિલિસ્ટ ડોક્ટરો, સદ્યતન હોસ્પિટલમાં સુયોગ્ય સારવાર જ્ઞાતિજનો મેળવીને જલદી સ્વસ્થ થાય એ માટે મેડિકલ સમિતિ સુયોગ્ય રીતે કાર્યરત છે અને જ્ઞાતિજનોની માટે વરદાન રૂપ કાર્ય ઉદારદિલ દાતાઓના સહયોગથી કરે છે.

KDO SANJIVANI

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.ડી.ઓ.ભવન વડોદરા મધે શ્રી મહાકાલી માતાજીની ૧૫મી પહેડી તથા મહાપૂજનનો આયોજન થયું





વિ.સં.૨૦૮૨, મહા વદ ૧૪ ને રવિવાર તા. ૧૫ ફેબ્રુઆરીના શુભદિને શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની ૧૫મી પહેડી-મહાપૂજનનું આયોજન માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા ભવન, કે.ડી.ઓ, ભવન, વડોદરા ખાતે કરવામાં આવેલ.

દર વર્ષે આયોજિત થતી આ પહેડી તથા મહાપૂજન શ્રી માતાજીના ઉપાસક પ.પૂ.યતીવર્યશ્રી મોતીસાગરજી મ. સા. દ્વારા કરાવવામાં આવે છે. આ વર્ષે સોનામાં સુગંધ સમાન મુંબઈમાં આયોજિત સમૂહ પારણાંમાં નિશ્રા પ્રદાનાર્થે વિહાર કરી રહેલ શાસન પ્રભાવક, ૨૫ વર્ષીતપના તપસ્વી પ.પૂ. આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદી ઠાણા-૨ ની નિશ્રા મળતા સકળ સંઘને તેમના દર્શન વાણીનો લાભ પણ મળ્યો હતો.





# શ્રી ક.ડી.ઓ.ભવન વડોદરા મધ્યે શ્રી મહાકાલી માતાજીની ૧૫મી પહેડી તથા મહાપૂજનનો આયોજન થયું



કાર્યક્રમની શરૂઆતમાં પૂ.માતાજીનું વાજતે ગાજતે આગમન થતાં તેમને પોખવામાં આવેલ તથા તેમની સ્થાપના બાદ ચુંદડી તથા હાર દાતા પરિવારો તરફથી ધરાવવામાં આવેલ. ત્યારબાદ યતિવર્યના મુખેથી પૂજન તથા દશવિધ પૂજા સાથે વિવિધ પ્રકારની અષ્ટોતરી પૂજા સંપન્ન થયેલ. તેની સાથે માતાજીના ગરબા તથા રાસની રમઝટ 'વૃષ્ટિ આર્ટ'ના આરતીબેન સાવલા તથા સાથી કલાકારોની સંગે સંગીતમય રીતે કરવામાં આવેલ.





મુનીશ્રી કલ્પતરૂસાગરજીએ મહાકાલી માતાજીની વડોદરા ક.દ.ઓ. સમાજમાં વર્ષોથી થતી પહેડીની અનુમોદના કરતા જણાવેલ કે વડોદરા માતાજીના બેસણા પાવાગઢથી સૌથી નજીકનું અચલગચ્છીય નગર છે જ્યાંના ભાવિકો તેમની દર મહિને ભાવના તથા દર વર્ષે પહેડી-પૂજન કરીને ઉત્તમ કાર્ય કરે છે. આ પ્રસંગે આચાર્યશ્રીએ આરીખાણાના વર્ધમાન શાહ-લાલન બંધુઓને માતાજીએ કઇ રીતે સહાય કરી હતી તેની વાત કરી હતી.

પૂજનના અંતમાં બધાએ ભેગા મળી આરતી કરી હતી. ત્યારબાદ પ્રસાદ-સ્વામીવાત્સલ્ય ભક્તિનો લાભ લઇ છુટા પડયા હતા. ઉલ્લેખનીય છે કે દર વર્ષે આ પહેડી સામૂહિક રીતે દાતાઓના સહકારથી થઈ રહેલ છે જેમાં વડોદરા ઉપરાંત અન્ય ભાવિકો પણ ભાગ લે છે. પૂજ્ય યતીવર્યશ્રી ૮૨ વર્ષની વચ્ચે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી માર્ગદર્શન આપતા રહે છે. કાર્યક્રમનું સંચાલન સર્વશ્રી શાંતીલાલભાઈ લોડાયા, ચંદ્રકાન્તભાઈ ખોના, કીશોરભાઈ ધુલ્લા, નરેન્દ્રભાઈ મોમાયા, કમલેશભાઈ નાગડા, તરૂણભાઈ નાગડા વિગેરેના સહયોગથી સુંદર રીતે કરવામાં આવેલ.

# વડોદરમાં શ્રી સચ્ચા માતાજીની ૩૩મી સમૂહ પહેડીનું ભવ્ય ભક્તિ સાથે આયોજન થયું









વડોદરામાં વસતા ભાવિકો દ્વારા કુળદેવી શ્રી સચ્ચામાતાજીની ૩૩મી સમૂહ પહેડીનું આયોજન વિ.સં. ૨૦૮૨ને મહા સુદ પુનમને રવિવાર તા. ૧ ફેબ્રુઆરીના શુભ દિને કરવામાં આવેલ. આગલા દિવસે દાતા પરિવાર તરફથી માતાજીના રાસ-ગરબાનું આયોજન કરવામાં આવેલ.

આ વર્ષની માતાજીની સમૂહ પહેડીના લાભાર્થી દાતા સંઘમાતા નિર્મળાબેન કુંવરજી વસાઇયા લાલકા (લાલા હાલે વડોદરા) પરિવાર હતા. પહેડી માતૃશ્રી રતનબેન કાંતિલાલ મોતા વિવિધલક્ષી ભવન, કે.ડી.ઓ.ભવન, વાસીયા રીંગ રોડ, વડોદરા ખાતે રાખવામાં આવેલ, જેના ભાવિકોમાં ક.દ.ઓ. જૈન, ક.વિ.ઓ.જૈન, કચ્છી વાગડ જૈન પરિવારોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

# વડોદરમાં શ્રી સચ્ચા માતાજીની ૩૩મી સમૂહ પહેડીનું ભવ્ય ભક્તિ સાથે આયોજન થયું







સવારે માતાજીની શોભાયાત્રા કાઢવામાં આવેલ. લાભાર્થી પરિવાર સાથે પૂ.માતાજીની પધરામણી થતાં તેમને પોંખ્યાં બાદ માતાજીની સ્થાપના કરવામાં આવેલ. જૈનોના આશરે ૩૦ ઉપરાંત નુખોના ભાવિકો માતાજીને નમે છે. કાર્યક્રમમાં સંગીતમય રજૂઆત કરતાં તૃપ્તિ શાહ અને સહકલાકારોએ રમઝટ જમાવી હતી. પૂ.માતાજીની પુનઃ સાથે શરૂઆત કર્યા બાદ માતાજીને શ્રીફળ-જુવાર ધરાવવામાં આવ્યા હતા.

ત્યારબાદ રાસ-ગરબા રમીને માતાજીને વધાવવામાં આવ્યા હતા. સમૂહ પહેડીનો લાભ લેનાર દાતા પરિવારનું બહુમાન કરાયા બાદ માતાજીની આરતી થઈ હતી સાથે રાસ-ગરબાની ફરી રમઝટ જામી હતી. કાર્યક્રમ બાદ બધાએ માતાજીના દર્શન કરીને પ્રસાદરૂપી ભોજન લીધું હતું. નિયાણી બહેનોને દાતા પરિવાર તરફથી ભેટ આપવામાં આવી હતી. આવતા વર્ષની એટલે કે ૩૪ મી પહેડીના દાતા માતુશ્રી જયાબેન નેમચંદ ગડા પરિવાર (મોટા લાયજા, વડોદરા) છે.

કાર્યક્રમના સફળ આયોજન માટે ધનજીભાઈ ગડા, કિશોરભાઈ ધુલ્લા, ખુશાલભાઈ ગડા, હસમુખભાઈ ગડા તથા દીલીપભાઈ ગડાએ સારી જહેમત ઉઠાવી હતી.



# સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિના દિવ્યાંગ શક્તિ દાતા બનનારની ભૂરી ભૂરી અનુમોદના

કંડીયો દિવ્યાંગ પાલક

KDO દિવ્યાંગ

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**"આવો એક થઈએ સમાજ આગળ ધપાવીએ"**

દિવ્યાંગોને સાચી રીતે જ શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર કહેવાયા છે. નિયતી અને ઈશ્વરે આપેલા આ પડકારને તેઓ હસતા મુખે ઝીલી શકે તેવા પ્રયત્નો કરવાએ ઈશ્વરની આરાધના સમાન છે. આ દિવ્યાંગો પ્રત્યે માત્ર સહાનુભૂતિ દર્શાવવાની નહીં, પરંતુ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે તેની પ્રત્યેક પ્રગતિશીલ સમાજની જવાબદારી છે.



## શ્રી વીરેન્દ્ર લખમશી લુઠિયા

કચ્છ - રાયધણજર, ચેમ્બુર

## દિવ્યાંગ શક્તિ

## Rs. 30,000

**હાર્દિક અભિનંદન, ભૂરી ભૂરી અનુમોદના**

કચ્છ રાયધણજર હાલે ચેમ્બુરના વીરેન્દ્ર લખમશી લુઠિયા શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ પાલક યોજનામાં રૂ.૩૦ હજારનો અમૂલ્ય સહયોગ નોંધાવી દિવ્યાંગ શક્તિ દાતા તરીકે જોડાયા છે. નિયતી અને ઈશ્વરે જેમના પર અલ્પ કૃપા કરી તેમને અધૂરા રાખયા છે એવા દિવ્યાંગજનો સાચી રીતે શારીરિક તથા માનસિક પડકાર ઝીલનાર લડવૈયા છે. તેમની ખુદ્દારી અને તેમના ખમીરને ટેકો આપવો એ પ્રત્યેક રહેમદિલ ઉદારજનની પવિત્ર ફરજ છે. આ પ્રયત્નોને સાથ આપનાર સહયોગી થનાર ખરા અર્થમાં ઈશ્વરના આરાધક છે. દિવ્યાંગ જનોને ખરી રીતે સહાનુભૂતિની નહીં પણ તેઓ સામાન્ય માનવીઓની જેમ જ સર્વાંગી વિકાસ સાધી શકે પ્રગતિશીલ રહી આપ બળે સ્વાવલંબી બે એવા પ્રયાસ કરવા એ સમાજની જવાબદારી છે.

દિવ્યાંગ સમિતિના પ્રયાસોને આત્મબળ પૂરું પાડનારા આધાર બનનાર દાતાશ્રીને પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા બદલ હાર્દિક અભિનંદન સહિત ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

॥ શાસનપતિશ્રી મહાવીરસ્વામીને નમઃ ॥ ॥ શ્રી મુનિસુવ્રતસ્વામીને નમઃ ॥ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામીને નમઃ ॥

॥ નમો નમઃ ગુરૂ શ્રી આર્યરક્ષિત-જયસિંહ-ધર્મઘોષ-મહેન્દ્ર-મેરૂતુંગ-ધર્મમૂર્તિ-કલ્યાણ-રત્ન-ગૌતમ-નીતિ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગરસૂરિભ્યો ॥

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

સંઘ સ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

ગીતા સ્મૃતિ પેઢી, ૭૦૬, શાંતિ હાઈટસ્, શ્રી નારાણજી શામજીવાડીની સામે, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ- ૪૦૦ ૦૧૯.

ઉપક્રમે

## શ્રી અચલગચ્છ જૈન સંઘ મુલુંડ (પૂર્વ)ના સથવારે



## ફાગણ વદ ૮ ના વર્ષીતપ આદરવા પધારો

દિવ્યકૃપા : રાષ્ટ્રસંત, શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
જિનશાસન શિરોમણી, તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજાની દિવ્યકૃપાથી...

**યુગાદિદેવ શ્રી આદિનાથ પરમાત્માના જન્મ/દિક્ષા કલ્યાણકના પાવન દિને શરૂ થતા વરસીતપનો પ્રારંભ કરવા ઈચ્છુક આરાધકોનો પધારવા ભાવભર્યું આમંત્રણ...**

શુભ નિશ્રા : મુંબઈ
સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.,
અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતો


શુભ નિશ્રા : કચ્છ
પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.,

## શુભ દિવસ : ફાગણ વદ ૮, મંગળવાર, તા. ૧૦-૩-૨૦૨૬, સવારે ૯.૦૦ કલાકે

મરાઠા હોલ, ૯૦ ફીટ રોડ, મુલુંડ (ઈ), મંબઈ-૪૦૦ ૦૮૧.

**પધારનાર આરાધક તપસ્વીઓએ**

ઉપવાસના પચ્ચખાણ + શુધ્ધ વસ્ત્ર પરિધાન + કટાસણું-મુહપત્તિ-ચરવળો + ૫-૫ રૂપિયાના બે સિક્કા + થોડાક ચોખા તથા એક શ્રીફળ લાવવાનું રહેશે.
દરેક તપસ્વી આરાધકોએ સવારે ૮.૩૦ પહેલા પોતાનું સ્થાન લઈ લેવું, વિધિ સમયસર શરૂ થઈ જશે.



**સૂચના :**

વર્ષીતપના પચ્ચક્ખાણ લેવા ઈચ્છુક નવા તપસ્વીઓએ પોતાના નામ, ગામ, એરીયા શ્રી વિપુલભાઈને 70204 25835 નંબર પર માત્ર વોટસએપ કરવા વિનંતી.

કચ્છ ખાતે વર્ષીતપ ઉચ્ચારવાના ભાવ રાખનાર તપસ્વીઓએ સંપર્ક કરી નામો લખાવવા વિનંતી. પંડીત દિપેશભાઈ - 94044 79557

વિશેષ માહિતી માટે : જતીન છેડા - 98210 64216 ■ પવિણ લોડાયા - 98205 65261

લિ. : ટ્રસ્ટીઓ, અધિકારીઓ તથા કારોબારી સમિતિ

---

# શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

## કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે


**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડૉ. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

## સમસ્ત મહાજન અને જ્ઞાતિના આદરણીય શ્રેષ્ઠીવર્ય શેઠ શ્રી ભરતભાઈ ભાણજી દેવજી ખોના ની જીવન ગાથા જ્ઞાતિમૈયા માં

આ વિશેષ જીવન ગાથા માટે

## શેઠ શ્રી ભરતભાઈ ભાણજી ખોના ને



આપની શ્રધ્ધાંજલિ, ભાવાંજલિ, આદરાંજલિ, સ્મરણાંજલિ તથા આપની સાથેનું સંભારણનું

ગુરૂવાર, તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી મોકલવા વિનંતી.

આપ આપની જાહેરાત પણ આપી શકો છો

**ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Kirti Dharmshi - 98440 04445

Sharad Momaya - 94481 16002 • Jayant Chheda - 93222 57731

Manisha Lalka - 98205 45734 • Varsha Lodaya - 98330 72879

Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી ફેબ્રુઆરી થી માર્ચ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| ૦૫ માર્ચ ૨૦૨૬ | ભાંડુપ-શ્રી આદિનાથ દાદા જિનાલય નુતનીકરણ નિમિતે ખાતમુહુર્ત |
| ૦૭ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળ તથા મહિલા મંગલ મંચના ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૫.0૪ કલાકે થી. |
| ૧૨ થી ૧૬ માર્ચ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળમાંથી સહાય લેતા સાધર્મિકો માટે/સાથે સંપૂર્ણ નિઃશુલ્ક પાવાગઢ-પાલીતાણા-ગિરનાર યાત્રા પ્રવાસ |
| ૧૩/૧૪ માર્ચ ૨૦૨૬ | પરબ આયોજિત અનાજ, મસાલા, ખાદ્ય તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓના સ્ટોલ પરમ કેશવ બાગ, ઘાટકોપર વેસ્ટ, સવારે ૧૦ થી સાંજે ૭. સ્ટોલ બુકિંગ. ૯૮૨૦૫૬૬૩૦૬, ૯૩૨૦૦૬૫૮૨૫ |
| ૧૯ માર્ચ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત મુંબઈમાં શ્રી ભલારા દાદાની ૩૬ મી સમુહ પહેડી સાંજે ૪.૦૦ ક. થી ડેફોડીલ્સ કેમ્પસ, નીલમ નગર-૨, મુલુંડ ઈસ્ટ. લાભાર્થીઃ શ્રી ભલારા ભાવિક પુનમ પરીવાર |
| ૨૦ માર્ચ ૨૦૨૬ | શ્રી ધણી બાવાની પ્રથમ સમુહ પહેડી કાલિદાસ મેરેજ હોલ, મુલુંડ. ૯૮૨૦૧૬૭૭૮૮, ૯૮૨૦૧૫૩૯૪૫ |
| ૨૧-૨૨ માર્ચ ૨૦૨૬ | શ્રી નલિયા જિનાલયે શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેક |
| ૨૨-૨૩ માર્ચ ૨૦૨૬ | શ્રી ડાઘા મોમઈ મા મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત શ્રી ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિર ધ્વજારોહણ મહોત્સવ |
| ૨૭-૨૯ માર્ચ ૨૦૨૬ | શ્રી તેરા-શ્રી ભલારા દાદા સ્થાનક ભુવાજી ચયન વિધિ. |
| ૨૯ માર્ચ ૨૦૨૬ | ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ તથા એમના વાલીઓ માટે કેરીયર પ્લાનીંગ ગાઇડંસ સેમિનાર સવારે ૧૦.૩૦ થી બપોરે ૧.૦૦ ક. (બાદ ભોજન સુવિધા) વી.એલ.વી.જી., ઘાટકોપર, મુંબઈ. રજી. જરૂરી - ૯૯૬૭૯૧૪૫૬૭ |
| ૩૧ માર્ચ ૨૦૨૬ | નલિયામાં મોતા ફરિયાદો બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીના ભોઇ માની તથા શ્રી ખેતરપાળ દાદાના ભુવા શ્રીના બાના (ગંધી) બદલી વિધાન તથા પહેડી. ૯૯૩૦૦૩૯૮૮૮/ ૯૭૬૫૭૧૬૧૫૧ |
| ૩૧ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત લાલપુરમાં ચૈત્રી પુનમ મહોત્સવ |


# પરબ શક્તિ સંજીવની સોસાયટી આયોજીત ખાદ્યવસ્તુઓ તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓનું હોલસેલ ભાવે વિતરણ કેન્દ્ર

શુક્રવાર, તા.૧૩ માર્ચ અને તા.૧૪ માર્ચ શનિવારના સવારે ૧૦ થી સાંજે ૭ સુધી પરમ કેશવ બાગ, નવરોજી લેન ઘાટકોપર વેસ્ટ મધ્યે પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા શ્રી લખ લક્ષ્મી લુઢિયા વિવિધલક્ષી જન સહાયક ફંડ પ્રેરિત બારે માસ ભરવાલાયક શુધ્ધ અનાજ, મસાલા, સુકવણી, હાથે બનાવેલી ખાદ્ય વસ્તુઓ તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓનું હોલસેલ ભાવે વિતરણ કરવાના કેન્દ્રનું આયોજન કરાયું છે. જેમાં સ્ટોલ રાખવા ઈચ્છતાઓએ સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ તથા સાંજે ૪ થી ૬ દરમ્યાન મીના શાહ-૯૮૨૦૫૬૬૩૦૬ તથા દીપ્તિ લોડાયા-૯૩૨૦૦૬૫૮૨૫નો સંપર્ક કરવો.


# ભાવભીની શ્રદ્ધાંજલિ




**તમન્નાબેન શિયાલ**
તા.૨૩ ફેબ્રુઆરી (ઉ.૫૨)
દલતુંગી-રાજકોટ



**ગિરીશભાઈ શાહ**
તા.૨૫ ફેબ્રુઆરી (ઉ.૮૦)
નલિયા-મુલુંડ



**ગુલાબચંદ બોરીચા**
તા.૨૭ ફેબ્રુઆરી (ઉ.૬૮)
બાયઠ-મીરા રોડ



**ચીમનલાલ મોતા**
તા.૨૮ ફેબ્રુઆરી (ઉ.૮૮)
સુથરી-નિમચ



**હરીશ મોતા**
તા.૨૮ ફેબ્રુઆરી (ઉ.૭૪)
કુવા પધ્ધર-ડોંબિવલી



**તિલોતમા કુરવા**
તા.૨૮ ફેબ્રુઆરી (ઉ.૬૫)
ગોધરા-મુલુંડ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● અબડાસા તાલુકામાં રવી પાકના વાવેતરની સિઝન પૂરજોશમાં ખીલી છે. પરંતુ કમનસીબે વાવેતરના અણીના સમયે યૂરિયા અને ડીએપી ખાતરની તંગી સર્જાતા ધરતી પુત્રો મૂશ્કેલીમાં મુકાયા છે. તાલુકામાં હાલ ઘઉંના પાકનું વિક્રમી વાવેતર થવાની શક્યતા છે અને રાયડાનું વાવેતર લગભગ પૂર્ણતાને આરે છે. ત્યારને પાકને ખાતરની તાતી જરૂરિયાત છે. અત્રેની ખેતી પર નિર્ભર બિહાર મધ્યપ્રદેશ છત્તીસગઢ અને હરિયાણા જેવા રાજ્યોમાંથી ૨૦ હજાર શ્રમિકો અહીં ખેતમજૂરી માટે આવ્યા છે. જો સમયસર ખાતરનો પુરવઠો નહીં મળે તો ખેડૂતો ઘઉં અને રાયડાના ખેતી પડતી મૂકી સૂરજમુખીનું વાવેતર કરવા મજબૂર બનશે. ખાતરની સમસ્યાનો કાયમી ઉકેલ માટે નલિયા અને કોઠારા ખાતે સરકારી સબ સેન્ટર-ખાતરનો ડેપો તાત્કાલિક કરવામાં આવે તેવી લોકમાંગ છે.

● પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીમાં કચ્છમાં ત્રણ હજારથી વધુ ઈ વાહનની નોંધણી થઈ છે. જેમાં બેટરી સંચાલિત ફોર વ્હીલર અને ટુ વ્હીલરનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા મળતાં પ્રોત્સાહન, પેટ્રોલના આસમાને આંબતા ભાવ, વાહનો મારફત થતા કાર્બન ઉત્સર્જન સહિતના કારણે કચ્છમાં પણ ઈ વાહનોના વપરાશમાં સતત વધારો થઈ રહ્યો છે. કચ્છમાં ભુજ, અંજાર, ગાંધીધામ, મુંદરા, માંડવી સહિતના સ્થળે કાર્યરત ઔદ્યોગિક એકમો, પેટ્રોલ પંપ તેમજ અન્ય સ્થળે ખાનગી રાહે ચાર્જિંગ સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે. આગામી સમયે ભુજ રેલ્વે સ્ટેશનના નવનિર્માણમાં ચાર જેટલા ચાર્જિંગ સ્ટેશન સ્થાપના માટેની ગતિવિધિ હાથ ધરવામાં આવી છે. ચાર્જિંગ સ્ટેશન સ્થાપવા માટે નીતિ નિયમોની આંટીઘૂંટી જોવા મળતી હોવાથી તેની જાળવણીનો ખર્ચ ઘણો વધારે હોતાં સરકારની સહાય છતાં લોકો નવા ચાર્જિંગ સ્ટેશન બનાવવા માટે લોકો તેટલો ઉત્સાહ દેખાડી રહ્યાં નથી.

● ભુજ તાલુકાના ઘાણેટી ગામના દિવ્યાંગ અને પ્રતિભાશાળી પ્રવીણ શામજીભાઈ માતા-આહીરના ભારતીય પેરા ક્રિકેટ ક્લબ ઈન્ડિયા દ્વારા શ્રીલંકામાં યોજનારી પેરા-દિવ્યાંગ-ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોમેન્ટટેર તરીકે સતાવાર પસંદગી કરવામાં આવી છે. ઈન્ડિયા પેરા ક્રિકેટ ક્લબ ભારત સરકાર દ્વારા માન્ય સંસ્થા છે જે દર વર્ષે વિદેશમાં ભારતીય પેરા ક્રિકેટરોની વન ડે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરે છે. શ્રીલંકા ખાતે ત્રણ મેચનું આયોજન થયું છે. જેમાં ભારતીય ટીમમાં, ખેલાડીઓ સહિત ૩૦ થી ૩૫ જણનો સ્ટાફ ત્યાં જવાનો છે. આ વર્ષે પ્રથમવાર ટીમના સ્ટાફમાં કોમેન્ટરીમાં કોમેન્ટટેર તરીકે સમગ્ર દેશમાંથી સંભવત પ્રથમ વખત દિવ્યાંગને કોમેન્ટરીમાં સ્થાન મળ્યું છે.

● શિયાળાની ગુલાબી ઠંડીના આગમન સાથે કચ્છમાં વિદેશી પક્ષી મહેમાનોનું આગમન શરૂ થઈ ગયું છે. હાલમાં અબડાસા તાલુકાના જખૌ અને આશીરાવાંઢ ગામના સીમાડામાં તળાવમાં મોટી સંખ્યામાં કુંજ પક્ષીઓએ ધામા નાખ્યા છે. જેને લીધે કુદરતી નજારો સોળે કળાએ ખીણી ઉઠ્યો છે. સામાન્ય રીતે શિયાળા દરમ્યાન કચ્છના અબડાસા લખપત, બન્ની વિસ્તાર અને ખાસ કરીને છારીઢંઢ જેવાં છીછરા પાણી ધરાવતાં વિસ્તારો આ પક્ષીઓ માટે પસંદગીના સ્થળો છે.

● જિલ્લાના પશુપાલકોની જીવદોરી સરહદ ડેરી દ્વારા અમૂલ બ્રાન્ડ હેઠળ તૈયાર થયેલ ઘીનો જથ્થો એક્સપોર્ટ ઓસ્ટ્રેલિયા અને જાપાન ખાતે ૨.૫ ટન મોકલીને કરાશે. એક્સપોર્ટની ગાડીને સરહદ ડેરીના ચેરમેન વલ્લભજીભાઈ હુંબલે લીલી ઝંડી આપી હતી. આમ ડેરી ઉત્પાદિત ઘી વૈશ્વિક બજારમાં કચ્છના પશુ પાલકોની મહેનતથી બનાવીને તેનો સ્વાદ અને શુધ્ધતા પહોંચાડશે. આ એક્સપોર્ટ કચ્છની આર્થિક ક્રાંતિની શરૂઆત છે અને સરહદ કેરી આ ક્રાંતિનું નેતૃત્વ કરશે. આ પહેલથી કચ્છના લગભગ ૬૦ હજાર થી વધુ દૂધ ઉત્પાદક પરિવારોને સીધો લાભ થશે, નવા રોજગારનું સર્જન થશે અને આખા જિલ્લાની અર્થ વ્યવસ્થાને મજબૂતી મળશે એવો આશાવાદ આ પ્રસંગે સરહદ ડેરીના ચેરમેન વલ્લભજીભાઈએ દર્શાવ્યો હતો.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO